આજથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત 'ગ્રીષ્મોત્સવ'નો પ્રારંભ

ધોમધખતી બપોર બાદ ગાંધીનગરની સાંજ સંગીન બનશે : કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવમાં તા ૧૯ થી ૨૧ મેં ના રોજ સાંજે ૮ કલાકે સંગીતનો ત્રિદિવસીય કાર્યક્રમ : કૈલાસ ખેર, પાર્થિવ ગોહીલ અને હનીફ અસલમના વૈવિધ્યસભર ગીતોની રજુ કરશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં ધોમધખતી બપોર વચ્ચે ગ્રીષ્મઋતુનો નઝારો નિખર્યો છે. બપોરની આકરી ગરમી બાદ શહેરની સાંજ સુરીલી અને સંગીન બનાવવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કોરોનાના

કપરા બે વર્ષના અંતે ગ્રીષ્મોત્સવની ભવ્ય ઉજવણી કરાશે કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવ અંતર્ગત તા ૧૯ થી ૨૧ મેં દરમિયાન શાહપુર બ્રિજ નજીક ગીફટ સીટી માર્ગ પર સ્થિત ધ્રુવ પાર્ટી પ્લોટમાં રાત્રિના ૮ કલાકે ગીત સંગીતના ત્રિદિવસીય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં બોલીવુડના જાણીતા ગાયક હનીફ અસલમ, પાર્થિવ ગોહીલ તેમજ સુપ્રસિધ્ધ કલાકાર કૈલાસ ખેર તેમના આગવા અંદાજમાં ગીતો રજુ કરશે.

કોરોનાના બે વર્ષના કપરા સમય બાદ નગરને સાંસ્કૃતિક ચેતના પુરી પાડતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિ ઉપરાંત સમાજ જીવનની તંદુરસ્તીને ધ્યાનમાં રાખી કલ્ચરલ ફોરમ દ્વારા અર્ક વ્યાખ્યાન માળાનો કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. જયારે લાંબા સમયથી ગરબા રમવા આતુર ખેલૈયાઓને અનુલક્ષીને આગામી નવરાત મહોત્સવનુ પણ વધુ ભવ્ય અને નવતર આયોજન કરવા માટે સંસ્થા ઉત્સુક છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે કલ્ચરલ ફોરમ દ્વારા દરવર્ષે ગ્રીષ્મોત્સવની ઉજવણી પણ વિશેષ રીતે કરવામાં આવે છે. દિવસ દરમિયાન ધોમધખતા તાપના અંતે ઢળતી સાંજે શહેરની સાંજ સંગીતમય બનાવવા માટે સંસ્થા દ્વારા તા ૧૯ , ૨૦ અને ૨૧ મેં ના રોજ શાહપુર બ્રિજ પાસે ગીફટ સીટી માર્ગ પર ધ્રુવ પાર્ટી પ્લોટ ખાતે સાંજે ૮ કલાકે ગ્રીષ્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવના પ્રારંભે ગૃહમંત્રી હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહેશે

● અનુસંધાન પાન-૭ પર

ઉનાળો તેની ચરમસીમાએ છે. કાળઝાળ ગરમીથી વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. આગ ઓકતી ગરમીથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. બપોરના સમયે માર્ગો એકદમ સુમસામ બની જાય છે. આંતરીક સોસાયટીઓના રસ્તાઓ જાણે એકદમ ભેંકાર થઈ જાય છે. આકરી ગરમીથી ચકલુય ફરકતુ નથી. જ્યાં જુઓ ત્યાં સુનકાર વ્યાપેલો જોવા મળે છે. સૂર્યાસ્ત બાદ ચહલપહલ જોવા મળે છે.

જિલ્લામાં ૪૧૬૫ કોવિડના મૃતકના પરિવારજનોને સહાય ચુકવાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯માં મૃત્યુ પામનાર ૪૧૬૫ મૃતકોના પરિવારને અત્યાર સુધી સહાય ચુકવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ અત્યાર સુધીમાં ૪૭૩૪ અરજીઓ તંત્રને મળી હતી. આ પૈકી ૨૫૮ અરજીઓ અધૂરી વિગતો અને જરૂરી પુરાવાઓ જોડવામાં આવ્યા ન હોવાથી તે રદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે હજુ ૫૮ જેટલી અરજીઓ ચકાસણી હેઠળ છે. કોવિડ-૧૯થી મૃત્યુ પામનાર મૃતકો ૧૬૬ હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

ક્વોરી એસોસિએશનની હડતાલનો અંત આવતા

શહેર જિલ્લામાં વિવિધ કામોનો ધમધમાટ શરૂ થશે

છેલ્લા બે સપ્તાહથી હડતાલનો સુખદ ઉકેલ આવતા કામો શરૂ થશે : ગાંધીનગર શહેર તેમજ ગુડા વિસ્તાર અને જિલ્લામાં પણ માર્ગો સહીતના કામો અટવાયા હતા

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં ક્વોરી એસોસિએશનની હડતાળના લીધે અનેક કામો ઠપ્પ થઇ ગયા હતા છેલ્લા બે સપ્તાહથી ચાલતી આ હડતાળનો આખરે અંત આવી ગયો છે. સરકારે પડતર પ્રશ્નો અંગે ખાતરી આપતા હડતાળ સમેટાઇ ગઇ છે. જયારે આ હડતાળ પુરી થતા હવે ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં માર્ગોની સુધારણા સહીતના ઠપ્પ થયેલા અનેક કામો પણ પુન :શરૂ થઇ જશે ગુડા વિસ્તારમાં પણ આ હડતાળની અસરથી કામગીરી પર અસર થઇ હતી જયારે હવે જિલ્લામાં વિકાસ કાર્યો ફરી ધમધમતા થશે.

રાજય ક્વોરી એસોસિએશન દ્વારા રાજયવ્યાપી હડતાળનો અંત આવ્યો છે. પડતર પ્રશ્નો અંગે સરકારે ખાતરી આપતા ક્વોરી માલિકોની હડતાળ પુરી થઇ ગઇ છે. જેના લીધે રાજયમાં હવે અઢી હજારથી વધુ ક્વોરી કાર્યરત થશે. છેલ્લા બે સપ્તાહથી પણ વધુ સમયથી આ હડતાળ ચાલતી હોવાના લીધે વિવિધ કામો ઠપ્પ થઇ ગયા હતા. જયારે આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર જિલ્લામાં પણ લાંબા સમયથી બંધ પડેલા કામો શરૂ થઇ શકશે. પાટનગર સહીત જિલ્લામાં માર્ગોના પણ ૧૦ જેટલા કામો ઠપ્પ થઇ ગયા હતા. જયારે અડાલજ ક્લોવર લીફ બ્રિજ નીચેથી મહેસાણા જતા માર્ગ પર અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી ગત તા ૨૧ મી થી જાહેરનામુ પણ બહાર પાડવામાં આવ્યુ હતુ. પરંતુ આ કામગીરી પણ શરૂ થઇ શકી ન હતી. ક્વોરી ઉદ્યોગનની હડતાળના લીધે પાટનગર યોજના વિભાગ, જિલ્લા પંચાયત તેમજ શહેરી વિકાસ સત્તા મંડળના અનેક કામો પણ અટવાયા હતા જયારે ચુંટણી પુર્વે આ કામો પુર્ણ કરવા માટે પણ યોજના તૈયાર કરાઇ છે. પરંતુ અત્યાર સુધી આ કામોમાં વિશેષ પ્રગતિ થઇ શકી ન હતી જેના લીધે તંત્રના અધિકારીઓની મુંઝવણ પણ વધી હતી. જેમાં ક્લોવર લીફની નીચેના ભાગનુ કામ તેમજ ઉવારસદ થી નારદીપુર માર્ગ , કલોલ માણસા રોડ, રૂપાલ અને રાંધેજા વિસ્તારમાં માર્ગોના કામો અટવાઇ પડયા છે. જયારે ક્વોરી ઉદ્યોગની લાંબી હડતાળના લીધે

● અનુસંધાન પાન-૭ પર

આજે માણસાની મુલાકાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જશે

ગાંધીનગર, તા. ૧૮

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ માણસા તાલુકાની મુલાકાતે જનાર છે.

મુખ્યમંત્રીના પ્રવાસને લઈ જિલ્લાતંત્ર દ્વારા આજે સાંજથી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે મુખ્યમંત્રી સવારે ૧૧.૩૦ કલાકે માણસા ખાતે પહોંચશે. માણસા ખાતે જિલ્લા ભાજપની સંકલન સમિતિની બેઠકમાં હાજરી આપશે. આ પછી બપોરે ૨.૩૦ કલાકે તેઓ તંત્રના અધિકારીઓ સાથે બેઠક કરી વિકાસના ચાલતા કામો તેમજ વિવિધ આયોજનોની સમીક્ષા કરશે. મુખ્યમંત્રી એક જ પખવાડિયામાં બીજીવાર જિલ્લાના પ્રવાસે હોવાથી જિલ્લાનો રાજકીય માહોલ પણ ગરમાયો છે. જોકે છેલ્લા એક મહિમામાં આ જિલ્લામાં તેઓનો ત્રીજો પ્રવાસ છે. અગાઉ સરઢવ, કંથારપુર વડ, ગિયોડ ધણપનો કાર્યક્રમ થયો હતો. હવે તેઓ માણસા તાલુકાના પ્રવાસે જઈ રહ્યા છે.

માણસા તાલુકા પંચાયતની નબળી આર્થિક સ્થિતિ તેમજ માણસામાં ચાલી રહેલા વિકાસના કામો અંગે તેઓ વિશેષ સમીક્ષા કરનાર છે. મળતી વિગતો મુજબ માણસામાં પેયજળના પ્રશ્નો અંગે પણ ચર્ચા કરનાર છે. પાટનગરના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા ભાજપની સંકલન સમિતિની બેઠક તેઓ ખાસ કરીને રાજકીય સ્થિતિ અંગે ચર્ચા કરશે તેમજ સમીક્ષા દરમ્યાન વિશેષ માર્ગદર્શન પણ આપશે. તેઓ અહિ પ્રાકૃત્તિક ખેતીના મુદ્દે ચર્ચાઓ કરે તેવી સંભાવનાઓ છે. માણસાનો ખેડૂત એ પ્રયોગશીલ ખેડૂત તરીકેની ઓળખ ધરાવે છે. માણસામાં પશુપાલન સાથે ઘણા બધા પરિવારો સંકળાયેલા છે તે વાત, અહિની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનો દરજ્જો આપવાનો મુદ્દો, ૧૫મા નાણાંપંચ અંતર્ગત થયેલ કામગીરીના મુદ્દાઓ પણ ચર્ચામાં આવશે.

હેડ ક્લાર્ક વર્ગ-૩ની પ્રથમ તબક્કાની લેખિત કસોટીનું પરિણામ જાહેર

ગાંધીનગર તા.૧૮

હેડક્લાર્કની ભરતી પરીક્ષાનું પરિણામ આજ રોજ સાંજે ૭ વાગ્યે વેબસાઇટ gsssb.gujarat.gov.in પર જાહેર કરાયું છે. કુલ ૧૮૬ જગ્યાઓ માટે સ્ઝઊ - 'સ્ઈ પદ્ધતિથી પરીક્ષા યોજાઈ હતી. હેડ કલાર્ક વર્ગ-૩ની ભરતી પરીક્ષા માટે ગુજરાતમાંથી અંદાજે ૨,૪૧,૪૦૦ ઉમેદવાર નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, અગાઉ ૧૨ ડિસેમ્બરે હેડ ક્લાર્ક વર્ગ ૩ની પરીક્ષા યોજાઈ હતી. જેમાંથી ૮૮,૦૦૦ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી પરંતુ પેપરલીક થવાને કારણે પરીક્ષા રદ્દ કરાઈ હતી. ૨૦ માર્ચે ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષા ચુસ્ત બંદોબસ્ત અને શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી.

હેડ ક્લાર્ક વર્ગ ૩નું પેપરલીક થયું હોવાનો ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ પોલીસ તપાસમાં કેટલા લોકોની ધરપકડ કરાઈ હતી અને રદ્દ કરાયેલી હેડ ક્લાર્ક વર્ગ ૩ની પરીક્ષા ૨૦ માર્ચે યોજવા અંગે જાહેરાત કરાઈ હતી. પેપરલીક થવાને કારણે ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન પદેથી અસિત વોરા રાજીનામુ આપે એવી યુવાનો તરફથી માંગ કરાઈ હતી. અંતે અસિત વોરાએ અધ્યક્ષપદેથી રાજીનામુ આપતા એ.કે. રાકેશને ગૌણ સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપાઈ હતી

સે-૧૬ અને સે-૧૭માં

જુદી જુદી કક્ષાના ૩૮૧ સરકારી આવાસો તોડી નાંખવામાં આવશે

સે-૧૨ માં પણ જ-૨ અને છ કક્ષાના ૯૬ મકાનો તોડવાની કામગીરી ચાલી રહી છે : જુના અને જોખમી આવાસો તોડવા માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ જુના જોખમી અને જર્જરિત સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કવાર મંજુરી આપવમાં આવી રહી છે. શહેરના સે-૧૬ અને સે-૧૭ માં વિવિધ કેટેગરીના કુલ ૩૮૧ મકનો તોડવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવામાં આવી છે. આ અન્વયે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી મકાનો તોડવાનુ કામ પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે હવે રહેણાંકને લાયક રહ્યા નથી જયારે જોખમી બનતા આવાસોનો નિકાલ કરવા માટે પણ તંત્ર દ્વારા સમયાંતરે મકાનોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. એક સર્વેના અંતે શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે જોખમી આવાસોમાં પણ હાલ રહીશોનો વસવાટ છે. તંત્ર પાસે રહેણાંકને લાયક મકાનો ન હોવાના લીધે આવાસો ફાળવવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઇ છે જેના લીધે તંત્રના ચોપડે આવાસોને અનુલક્ષી પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આ સ્થિતિ વચ્ચે શહેરના સેકટરોમાં જોખમી આવાસો તોડીને નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બાંધવા માટેનુ કામ પણ ચાલી રહ્યુ છે. સેકટરોમાં જોખમી આવાસોના મામલે અગાઉ સર્વે પણ હાથ ધરાયો હતો જેને ધ્યાનમાં રાખી આવાસો ખાલી થાય તેમ તંત્ર દ્વારા પણ સમયાંતરે વિભાગને જોખમી આવાસોના બ્લોક તોડવા માટે દરખાસ્ત કરવામાં આવી રહી છે. શહેરના સે-૧૬, સે-૧૭ માં અંદાજિત ૩૮૧ મકાનો તોડવા માટે વિભાગે મંજુરી આપી દીધી છે. જેમાં સે-૧૬ માં ચ, છ અને જ-૨ કક્ષાના ૧૭૯ મકાનો તોડવામાં આવશે આ ઉપરાંત સે-૧૭ માં ઘ-૧ કક્ષાના ૧૩૨ તેમજ સે-૧૭ માં છ કક્ષાના ૭૦ મકાનો તોડવા માટે પણ મંજુરી આપી દેવાતા તંત્ર દ્વારા ટુંકમાં આ આવાસો તોડવા માટેનુ કામ શરૂ કરી દેવાશે. શહેરના સે-૧૨ માં પણ હાલ આવાસો તોડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જ-૨ અને છ કક્ષાના ૯૬ બ્લોક તોડવામાં આવી રહ્યા છે. આવાસો તોડવાનુ કામ પુર્ણ થયા બાદ ખુલ્લી જગ્યામાં નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરાશે જો કે આવાસોના નિકાલની સાથે માર્ગ મકાન

● અનુસંધાન પાન-૭ પર

સરગાસણ ટીપી-૯માં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા નાગરિકો ત્રાહિમામ્

ઉનાળાની ગરમીમાં .કેબલ ફોલ્ટના સમારકામને પગલે છેલ્લાં બે દિવસથી વીજ પુરવઠો બંધ કરાય છે.

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં છેલ્લાં બે દિવસથી કેબલ ફોલ્ટના કારણે દિવસે વિજળી વેરણ થતાં ભરઉનાળે નાગરિકો પરેશાનીનો ભોગ બની પરસેવે ન્હાઇ રહ્યાં છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ વિસ્તારમાં કેબલમાં ખામી સર્જાતા સમારકામ સમયે વીજ પુરવઠો બંધ કરાવામાં આવતો હોવાથી આ વિસ્તારમાં લાઇટો ડૂલ થવાની સમસ્યા સર્જાઇ રહી છે.

એક તરફ વૈશાખ મહિનો ચાલી રહ્યો છે અને સૂરજ દેવતા આકાશમાંથી અગ્નિ વરસાવી રહ્યાં છે ત્યારે નાગરિકો કાળઝાળ ગરમીથી બચવા બપોરે એસી કે પંખાના શરણે પહોંચી જાય છે. જોકે ગાંધીનગરના સરગાસણ ટીપી વિસ્તારમાં છેલ્લા બે દિવસથી ભરબપોરે વીજ લાઇનમાં કેબલ ફોલ્ટના સમારકામના કારણે વીજ પુરવઠો બંધ કરવાની ફરજ પડી રહી છે. વીજ પુરવઠો બંધ થવાથી આ વિસ્તારના નાગરિકો એસી પંખા વગર પરેશાન થઈ રહ્યાં છે જેમાં વરિષ્ઠ વડીલો માટે મુશ્કેલી વધી રહી છે. વળી, આ વિસ્તારમાં અનેક વિદ્યાર્થીઓ ઓનલાઇન અભ્યાસ કરતાં હોવાથી તેમને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ ઓનલાઇન બિઝનેસ વેપાર કરતા કે શેરબજાર વગેરેનું કામકાજ કરતાં વ્યાવસાયિકોને પણ દિવસ દરમિયાન કામકાજના સમયે વચ્ચે વીજ પુરવઠો બંધ રહેવાથી હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિ છેલ્લાં બે દિવસથી સર્જાવા પામી રહી છે. ગાંધીનગરના સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં પાણીની ટાંકી બાજુ આજે પણ કેબલ કાપવાના કારણે આશરે બે કલાક જેટલાં સમય સુધી વીજ પુરવઠો ખોરવાયેલો હોવાની વિગતો સાંપડી હતી જેના પગલે વસાહતીઓએ કાળઝાળ ગરમીમાં હાડમારીનો સામનો કરવો પડ્યો હતો.

શહેરના તાપમાનમાં વધારા સાથે પારો ૪૧.૪ ડિગ્રીએ

છેલ્લાં ત્રણ દિવસમાં તાપમાનમાં વધઘટ : મહત્તમ તામપાન ૪૧.૪ ડિગ્રી સામે લઘુત્તમ તાપમાન ૨૭.૮ ડિગ્રી નોંધાયું

ગાંધીનગર, તા.૧૮

વૈશાખ મહિનાની ગરમી નાગરિકોના અંગ દઝાડી રહી છે, આજે પણ મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી સે. રહેવા પામ્યું હતુ જ્યારે શહેરનું લઘુત્તમ તાપમાન વધીને ૨૭.૮ ડિગ્રી સે. નોંધાયું હતું. છેલ્લાં ત્રણ જ દિવસમાં વધઘટ જોવા મળી છે જેમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી ઘટીને ફરી આજે વધ્યું હતું. આ સાથે આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા હતું તે સાંજ સુધીમાં ઘટીને ૨૪ ટકા રહેવા પામ્યું હતું.

ગાંધીનગરમાં આ વખતે ગરમીનો પારો ધીમી પરંતુ મક્કમ ગતિએ આગળ વધી રહ્યો હતો જેના પર બ્રેક આવી હતી. મે માસના પ્રારંભથી જ સતત ૪૦ ડિગ્રી સે.ની ઉપર રહેલું મહત્તમ તાપમાન ગઈકાલે ૪૦ ડિગ્રી સુધી નીચે આવ્યું હતું. જોકે આજે ફરી તે વધીને ૪૧.૪ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે લઘુત્તમ તાપમાન પણ એક સરખું જળવાઇ રહ્યું હોવાથી રાત્રીના સમયે પણ ગરમીનો અનુભવ થઇ રહ્યો છે.

જોકે છેલ્લાં બે-ત્રણ દિવસમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ સામાન્ય ઘટ્યું છે જે આગામી દિવસોમાં ફરી વધી શકે તેવી શક્યતાઓ તરફ નિર્દેશ કરે છે. જોકે શહેરમાં ધીમે ધીમે આગળ વધી રહેલો તાપમાનનો પારો આગામી દિવસોમાં આકરી ગરમી પડવાના સંકેત પણ આપી રહ્યો છે. હાલ તો શહેરીજનો ઘર કે ઓફિસમાં એસી તથા પંખાના સહારે છે અને સાંજે ટાઢા થવાં બરફગોળાની લારીઓ અને શેરડીના રસના કોલાથી માંડીને ઠંડાપીણાને આઈસ્ક્રીમના પાર્લરો પર ભીડ જમાવી રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

શિવલિંગ મુદ્દે અશ્લીલ ટિપ્પણી બદલ દાનિશ કુરેશીની અટકાયત

વાસણા પોલીસ સ્ટેશનમાં દાનિશ વિરુદ્ધ અરજી બાદ આ મામલે કાર્યવાહી કરીને સાયબર ક્રાઈમ બ્રાંચે અટકાયત કરી

અમદાવાદ, તા.૧૮

યુપીના કાશીમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદમાંથી શિવલિંગ મળ્યુ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જ્ઞાનવાપી મસ્જિદનો મામલો છેક સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. ત્યારે અમદાવાદમાં એઆઈએમઆઈએમના નેતા દાનિશ કુરેશીએ આ શિવલિંગ મુદ્દે સોશિયલ મીડિયામાં અશ્લીલ અને અભદ્ર ટિપ્પણી કરી હતી. જે બાદ હિન્દુ સમાજની લાગણી દૂભાઈ હતી અને રોષ જોવા મળ્યો હતો. વાસણા પોલીસ સ્ટેશનમાં દાનિશ કુરેશી વિરુદ્ધ આ મામલે અરજી કરવામાં આવી હતી. નેતા દાનિશ કુરેશીની ધરપકડ કરવામાં આવે એવી માંગ ઉઠી હતી. ત્યારે આ મામલે કાર્યવાહી કરીને સાયબર ક્રાઈમ બ્રાંચે એઆઈએમઆઈએમના નેતા દાનિશ કુરેશીની અટકાયત કરી છે. આ મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગતો એવી છે કે, એઆઈએમઆઈએમના નેતા દાનિશ કુરેશીએ ગઈ કાલે જ્ઞાનવાપી મસ્જિદમાંથી મળેલા શિવલિંગ મુદ્દે અશ્લીલ પોસ્ટ કરી હતી. દાનિશ કુરેશીની આ અશ્લીલ પોસ્ટ બાદ હિન્દુ સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com